॥ શ્રી કૃષ્ણ ॥

માસ્તર દલપત વિરચીત સા[illegible]રાક પદ્યાત્મક સંગીત.

દર્શન ફળ શુકનાવલી.

લેખક અને પ્રકાશક

માસ્તર દલપતરામ [illegible]રામ ત્રિવેદી.

પ્રથમાવૃત્તિ: પ્રત: ૧૦૦૦

[illegible]
સર્વ હક સ્વાધીન.

વિક્રમ સંવત ૧૯૮[illegible]
શુદ્ધ પૂર્ણીમા.

મૂલ્ય: ૦-[illegible]-૦

॥ श्री दत्त ॥

માસ્તર હલપત વિરચીત ચમત્કારીક પદ્યાત્મક સંગીત.

દર્શન ફળ શુકનાવલી.

લેખક અને પ્રકાશક

માસ્તર હલપતરામ વલ્લભરામ ત્રિવેદી. ગડત્ વાયા ગણદેવી

પ્રથમાવૃત્તિ:
પ્રત. ૧૦૦૦

વિક્રમ સંવત ૧૯૮૪
ગુરૂ પૂર્ણીમા.

મૂલ્ય: ૦-૪-૦

મુદ્રક:

ભદ્રશંકર મંછારામ ભટ

કલામય પ્રીન્ટીંગ એન્ડ લીથો વર્કસ

કણપીઠ, સુરત.

॥ જ્યોતિષ શાસ્ત્ર પ્રત્યે અભિરૂચી ॥
॥ ધરાવનારા-જીજ્ઞાસુ ॥
॥ જનોને સહ્રુદય ॥
॥ સ્નેહાર્પણ ॥
ગ્રંથ પ્રયોજનાર્થે

બે બોલ

પૂર્વ કાળથી માંડીને અદ્યાપ પર્યંત જ્યોતિષ શાસ્ત્ર આખી દુનીયામાં કોઇ અવનવી દીવ્ય ભાત પાડતું આવ્યું છે, તદનુસાર શુકનાવલી એ જ્યોતિપ શાસ્ત્રનો અમુક એક ભાગ છે. શુકનાવલીનાં ઘણાં ગ્રંથો બહાર પડી ચૂક્યા છે, તેમ છતાં પણ આ ગ્રંથનું પ્રકાશન—પ્રયોજન માત્ર એટલુંજ છે કે

પ્રસ્તૂત ગ્રંથ હુમોને હમારા વડીલો પારજીત મળેલા ગ્રંથો પૈકી માંનો એક હોઇ ઘણાં જુનાં સમયનો હોય એમ જણાયું. તે ઉપરથી એનો જીર્ણોદ્ધાર કરવાનું ઇષ્ટ જણાયાથી તેમાં યોગ્ય સુધારા વધારા સાથે ઘટીત ફેરફાર કરી ગુર્જર ગદ્યાત્મક સ્થિતિમાંજ તૈયાર કરી.

ઘણુંજ લાંબા સમય સુધી હુમોએ એનો ઉપયોગ કર્યો જેનાથી હુમોને પૂર્ણ સંતોષ પ્રાપ્ત થવાથી એ ગ્રંથને હુમોએ દૈવી ચમત્કારીક ગ્રંથ તરીકે સ્વીકાર્યો.

આજે જનસમાજ કાંઇક અંશે પણ સંગીતકળા પોષક હોઇ એ ગ્રંથને સંગીતની દૃષ્ટિએ પદ્યાત્મક સ્થીતિમાં તૈયાર કરવાની સહૃદયે ઇચ્છા પ્રગટ થઇ તે ઉમેદ પ્રભુ કૃપાએ પાર પડી અને જુદાં જુદાં દર્શન

ફળો જુદા જુદા રાગમાં, જેવાં કે ગઝલ, કવાલી, ગીતિ, હરીગીત, ઉપજાતિ સવૈયા વિગેરેમાં પદ્યો તૈયાર કરવા યથા- મતિ પ્રયત્ન કર્યો.

ઘણાં સદ્‌ગૃહસ્થો અને સ્નેહી મીત્ર વર્ગો તરફથી ખાસ આગ્રહ થવાથી તેમની કૃપા વડે આવા ચમત્કારીક ગ્રંથનો જનતા માત્રને બહોળા પ્રમાણમાં લાભ મળે એ હેતુને લક્ષમાં લઇને આ નાનકડો પણ રમુજી ગ્રંથ પ્રકાશમાં લાવવા, યથામતિ પ્રયત્ન કર્યો છે.

પ્રશ્નફળ જોવા જાણવાની રીત આ સાથેનાં પૃષ્ઠ ઉપર આપવામાં આવી છે.

આ હમારો પ્રથમનો પ્રયાસ હોવાથી કદાચ આ ગ્રંથમાં ઘણી ત્રુટીઓ જણાશે, તે તરફ લક્ષ નહિ આપતાં હંસ—ક્ષીર—નીર ન્યાયે

નીહાળવા અને રહી જવા પામેલ ત્રુટીઓ કિંવા દોષો હમોને હમારા ઉદાર ચરિત્ પ્રેક્ષક ગણો જણાવવા કૃપા કરશે તો મહાન ઉપકાર થશે.

અંતે તે મહાન વિભુની કૃપાએ જનતામાં આ નાનકડા ગ્રંથનો બહોળા પ્રમાણમાં ઉપયોગ થાય અને તેમની મને ઇપ્સિત ધારણાંઓ અહર્નીશ પાર પડે. એમ સઃહૃદય ઇચ્છી અહીંજ વિરમવું ઉચીત છે. મનુષ્ય યત્ન—પ્રભુ કૃપા.

ગડત સંવત ૧૯૮૪ }
ગુરૂ પૂર્ણીમા }

લી.
પ્રકાશક

—પ્રશ્ન-ફળ જોવાની રીત—

પ્રશ્ન ફળ જોવાનાં બે પ્રકાર છે,

(૧) પ્રશ્ન મૂકનારે પ્રથમ ચીત્તની શાંતિ મેળવવી. પછી પોતાનાં ઇષ્ટ દેવનું ધ્યાન કરવું. તે પછી શ્રદ્ધા અને ભકિતપૂર્વક મનમાં પ્રશ્ન ધારી આંખ બંધ કરીને આ ગ્રંથનું કોઇ પણ એક પાનું ઉઘાડવું. તે પૃષ્ઠમાં જે ફળ બતાવ્યું હોય તે ફળ સારા સાર ને વિવેક બુદ્ધિએ વિચારી જાણી લેવું.

(૨) એકથી સીત્તેર સુધીનાં અંકો પૈકી કોઇ પણ એક અંક મનમાં ધારવો પછી તે અંકનું પૃષ્ઠ તપાસી તે પૃષ્ઠમાં જે ફળ જણાવ્યું હોય તે જાણી લેવું. મનુષ્ય યત્ન પ્રભુ કૃપા.

—સુચના—

(૧) આ ગ્રંથનાં ઉપયોગ કર્યા પછી જેમને તેમને જે તે વખતે જે કાંઇ શુભ અશુભ ફળશ્રુતિ મળે તે તે વ્યક્તિએ હમોને તે જણાવવાથી મહાન ઉપકાર થશે.

(૨) જે તે વખતે જે તે જાતની શંકાઓ પડે તે હમોને જણાવવા કૃપા કરેથી યોગ્ય ખૂલાસો આપવા ઇચ્છીએ છીએ.

લી૦
પ્રકાશક.

॥ ૧ ॥

॥ પ્રશ્ન થયો શુભ શુકનમાં, અહીં ગણેશ દર્શન થાય ॥
॥ ચિત્ત ચિંતા મટશે સહુને, દુઃખ સમુળાં જાય ॥
॥ ધન સુધાન્ય વૃદ્ધિ થશે, શોભાનો નહિ પાર ॥
॥ શુભ વસ્તુ સહેજે મળે, ને વાધે સુખ વિસ્તાર ॥
॥ નિશાનીમાં રજની વિષે, જો સ્વપ્ન નીહાળ્યું હોય ॥
॥ દૃષ્ટે કાર્યે ઉત્તમ દીસે, તો ફળ ઉત્તમ હોય ॥
॥ ઉત્તમ ફળનાં હોય તો, શ્રી ગણેશ શરણુ સ્વીકાર ॥
॥ દલપત ગુરૂ ગણેશની, ભક્તિ કરો નીરધાર ॥

॥ ૨ ॥

॥ શુકન પ્રશ્ન છે શુભ તે, દર્શન શ્રી રણુછોડનાં ॥
॥ કાર્ય કર્યાથી લાભ છે, કાંઇ દ્રવ્ય મળે વિસ્તારમાં ॥
॥ છે સર્વ કાંઇ તે શુભ થશે, ને ચિંતા ટળશે સ્હેજમાં ॥
॥ કાંઇ શુભપણું ઉત્પન્ન થશે, એ કાર્ય સિદ્ધ છેસ્હેજમાં ॥
॥ જો તન જમણી બાજુએ, તલનું ચિન્હજ હોય ॥
॥ તો તો જાણો સર્વદા, એ ફળ શ્રુતિ સિદ્ધ હોય ॥
॥ નિશાની એ જો ના મળે, અસત્ય ઠરે તલભાર ॥
॥ દલપત પ્રભુ રણુછોડની, ભક્તિ કરો નીરધાર ॥

॥ ૩ ॥

॥ શુકન દર્શન છે યમદૂતનાં, કદીએ કાર્ય સરે નહિ હાલમાં ॥
॥ યદી જો કાર્ય કરો ઉપરી બની, ભય, વિનાશ, ઉપાધી અતિ ઘણી ॥
॥ શુભ શુકંન ઘટી ફરી માગવી, દીલથી ના કદી ધીરજ ત્યાગવી ॥

॥ સુવાવડ દીન સાતમાં, તમ ઘરમાં થઈ હોય ॥
॥ તો તો જાણો સર્વદા, એ ફળ શ્રુતિ સિદ્ધ હોય ॥
॥ નિશાની એ જો ના મળે, અસત્ય ઠરે તલભાર ॥
॥ દલપત પ્રભુ શિવ વિષ્ણુની, ભકિત કરો નીરધાર ॥

॥ ૪ ॥

॥ ભક્ત જનનાં દર્શણે, શુભ શુકન પ્રશ્ને થાય છે ॥
॥ એ કાર્ય કરવાથી તુરતમાં, લાભ ઘણેરો પમાય છે ॥
॥ એ કાર્યમાં પણ કાર્ય બીજું, તે પણ સિદ્ધ મનાય છે ॥
॥ તે આદ્યશક્તિની કૃપાથી, સર્વ સિદ્ધ ગણાય છે ॥
॥ જો તુજ છાતીનાં વિષે તિલ, ચિન્હ હોયે સર્વદા ॥
॥ તો તો પછી જાણો સદા, એ પ્રશ્ન ફળ સિદ્ધ સર્વદા ॥
॥ નીશાની એ જો ના મળે, અસત્ય ઠરે તલ ભાર તે ॥
॥ દલપત્ શ્રી શક્તિ તણી, ભક્તિ કરો નીરધાર છે ॥

॥ ૫ ॥

॥ એ ઉર્વશી તે અપ્સરાનાં, શુકન પ્રશ્ને થાય છે ।
॥ જે પ્રશ્ન ધાર્યો મન વિષે તે, લાભ મહીજ સમાય છે ॥
॥ ચિંતા ટળે સ્ત્રી સુખ મળે ધન, ધાન્ય યશ વૃધ્ધિ થશે ॥
॥ ઉત્તમ શુકન છે આજનાં એ, કામમાં ખુશી થશે ॥
॥ જો તું જ જમણી નાસીકા વહે, તો હશે જો હાલમાં ॥
॥ તો તો પછી જાણો સહાએ. પ્રશ્ન ફળ છે સિધ્ધીમાં ॥
॥ નીશાની એ જો ના મળે અ, સત્ય ઠરે તલભાર તે ॥
॥ દલપત દેવી લક્ષ્મીજીની, ભક્તિ કરો નીરધાર છે ॥

॥ ૬ ॥

॥ અહીં હસ્તિનાં દર્શન થયાં એ, શુકન મધ્યમ માનજો ॥
॥ કોઇ શત્રુ તમ શીરપર રૂઠે પણ, નાશ થશે એ જાણજો ॥
॥ ચિંતા ટળશે કાર્ય સરસે, શોભા ધન યશ વાધશે ॥
॥ કાંઇ રાજ્ય મેળવ્યા જેટલો અતિ, હર્ષ હૃદયે વ્યાપશે ॥
॥ જો તુંજ છાતીનાં વિષે તિલ્લ, ચિન્હ હોયે સર્વદા ॥
॥ તો તો પછી જાણો સદાએ, પ્રશ્ન ફળ સિદ્ધ સર્વદા ॥
॥ નિશાની એ જો ના મળે અ, સત્ય ઠરે તલભાર તે ॥
॥ દલપત શ્રી ચંડી પાઠ એ કે, ફળ શ્રુતિ નીરધાર છે ॥

॥ ૭ ॥

॥ પારધી મૃગ મારે એ, દર્શનમાં તમે પ્રશ્ન કર્યો આજે ॥
॥ એ કાર્ય કદી કરશો નાં, શુકન સારાં નથી થયાં આજે ॥
॥ નીશાનીમાં કોઈ રાતે, સ્વપ્ન મહીં ભય દીઠો હશે ભારે ॥
॥ તો તો સત્યજ જાણો, પ્રશ્ન ફળે સિદ્ધ સર્વદા ત્યારે ॥
॥ નીશાની ના મળતી તો, પ્રશ્ન ફળમાં ઉણપ હશે જાણો ॥
॥ દલપત શીવ પૂજાથી, રૂદ્રાભિષેકે ફળશ્રુતિ જાણો ॥

॥ ૮ ॥

॥ શુકન પ્રશ્ને શુભ છે દરશન સ્વર્ગ વિમાનનાં ॥
॥ સહુ કાર્યની સિદ્ધિ થશે, સુખ લક્ષ્મી મળશે માનમાં ॥
॥ ચિંતા ટળશે ભૂમી મળશે, દુઃખ જશે પરલોકમાં ॥
॥ કાંઇ પુત્ર પ્રસવ્યા જેટલો, અતિ હર્ષ વધે ગૃહલોકમાં ॥
॥ જો તું જ જમણી બાંહ્યમાં, તિક્ષ ચિન્હ હોયે સર્વદા ॥
॥ તો તો પછી જાણો સદાએ, પ્રશ્ન ફળ સિદ્ધ સર્વદા ॥
॥ નીશાની એ જો ના મળે, અસત્ય ઠરે તલભાર તે ॥
॥ દલપત પ્રભુ શશી સૂર્યની, ભક્તિ કરો નીરધાર છે ॥

॥ ૯ ॥

॥ અહીં મત્સ્યનાં દર્શન થયાં એ, શુકન ઉત્તમ માનજો ॥
॥ એ કાર્યનો પ્રરંભ કરો સહુ, સિધ્ધ છે એ જાણુજો ॥
॥ ધન ધાન્ય યશ ભુમી લાભ છે, વ્યવહાર વૈભવ વૃદ્ધિ છે ॥
॥ શુભ વસ્તુ મળશે અશુભ ટળશે, એ તો ખરેખર સિદ્ધ છે ॥
॥ નીશાનીમાં રજની વિષે, સ્વપ્નાં ઘણાં જોયાં હશે ॥
॥ તો તો ખરે જાણો સદાએ, પ્રશ્ન ફળ સાચાં થશે ॥
॥ નીશાની એ જો ના મળે એ, સત્ય ઠરે તલભાર તે ॥
॥ દલપત કહે તમ પિતૃનું પુ, જન કરો નીરધાર છે ॥

॥ ૧૦ ॥

॥ દરશન પક્ષિ હંસનાં એ, શુકન પ્રશ્ને થાય છે ॥
॥ કાંઇ રત્ન આભુષણ લાભ થશે, સંકટ સમુળાં જાય છે ॥
॥ સકળ મનોરથ સિદ્ધ થશે સુ, યશ જગે જગ વાધશે ॥
॥ શ્રી શારદા દેવી કૃપાથી, રૂડી વધામણી આવશે ॥
॥ જોઇ લ્યો એ ભાલમાં તિલ્લ, ચિન્હ હોયે સર્વદા ॥
॥ તો તો ખરે સાચું ઠરે એ, પ્રશ્નફળ સિદ્ધ સર્વદા ॥
॥ નિશાની એ જો ના મળે, અસત્ય ઠરે તલભાર તે ॥
॥ દલપત કહે શ્રી શારદા, પૂજન કરો નીરધાર છે ॥

॥ ૧૧ ॥

॥ દરશન શાબનાં થાયે, એ દરશનમાં પ્રશ્ન થયો આજે ॥
॥ દુઃખ ઉપજશે ભારી, શુકંન સારાં નથી થયાં આજે ॥
॥ અશ્રુપાત ઉપજશે, ભયઃશોક આ કાર્યે મહીં ભાસે ॥
॥ ધીરજ મનમાં ધારો, ફરી શુકનમાં શુભ ફળ કહેવાશે ॥
॥ સપ્ત દિવસ પછી કોતુંં, મૃત્યુ થાતાં નિહાળશો જ્યારે ॥
॥ સત્ય હકીકત જાણો, પ્રશ્ન ફળ સિદ્ધ સર્વદા ત્યારે ॥
॥ નિશાની ના મળતી તો, પ્રશ્ન ફળમાં ઊણુપ હશે ન્યારી ॥
॥ દલપત દીન વિચારી, સત્ય દેવનું યજન કરો ભારી ॥

॥ १२ ॥

॥ મનોહર મુરલીનાં દર્શને, સહુ કાર્ય સિદ્ધિ છે ॥
॥ મટે ચિંતા વધે લક્ષ્મી, લીલા લ્હેર સુખ વૃદ્ધિ છે ॥
॥ થયો દીન સાતમાં મેળાપ, ઇચ્છા મિત્રની સાથે ॥
॥ તો માનો સર્વદા સાચું, સકળ ફળ સિદ્ધ સૌ થાશે ॥
॥ અગર અસત્ય એ ઠરતી, નીશાની ના મળે તો તો ॥
॥ કહે દલપત પ્રભુ કીર્તન કરો નિર્ધાર છે એ તો ॥

॥ ૧૩ ॥

॥ અહીં આયુધનાં દર્શન થયાં, એ શુકન મધ્ય માનજો ॥
॥ એ કાર્યનો પ્રારંભ કરો સહુ, કાર્ય સિદ્ધિ જાણજો ॥
॥ જે વાત ઉપજી આવી એની, આરત મનમાં રાખજો ॥
॥ સંકલ્પ વિકલ્પો થાય છતાં, પણ કાર્ય સિદ્ધિ જાણજો ॥
॥ એ કાર્યમાં કોઈ વિઘ્ન કરતા, દુશ્મનો પણ છે ખરે ॥
॥ પણ શૂર સમું દીલ રાખવું, તમ શત્રુબળ જાશે ખરે ॥
॥ નીશાનીમાં મુખ ઉપરે, તિલ ચિન્હ હોયે સર્વદા ॥
॥ તો તો પછી માનો સદા, સિદ્ધ પ્રશ્ન ફળ છે સર્વદા ॥
॥ નીશાની એ જો ના મળે, અસત્ય ઠરે તલભાર તે ॥
॥ દલપત કહે કુળ દેવતાની, ભકિત કરો નીરધાર છે ॥

॥ ૧૪ ॥

॥ અહીંઆં હી મુખી મૃગ દર્શને. સહુ કાર્યે સિદ્ધી છે ॥
॥ મટે ચિંતા ટળે ભય ભાર, પરંતુ કાર્ય પરવશ છે ॥
॥ પ્રથમ એ કાર્યે ના થાશે, પછી એ કાર્યે સિદ્ધી છે ॥
॥ પરંતુ લેશ ચિંતા ના કરો, સહુ લાભ સિદ્ધી છે ॥
॥ તમોને વર્ષ ત્રણુથી કષ્ટ તે, પુરૂં થયું જાણો ॥
॥ નિશાની સવ્ય હસ્તે તિલ, હશે તો તો ખરૂં માનો ॥
॥ અગર એ ચિન્હ ના મળતું, અસત્ય ફળ કહ્યું કરતું ॥
॥ કહે દલપત્ તમારી દ્રષ્ટ દેવી. ધ્યાન બસ ધરતું ॥

॥ ૧૫ ॥

॥ સર્પ દર્શન અહીં થાયે, કાર્ય કર્યાથી દુઃખ ઘણું ભાશે ॥
॥ કલેશ ઉપજશે ભારી, ચિંતા મહીં પણ ચિંતા ઘણી થાશે ॥
॥ ધીરજ મનમાં ધારો, હાલ અવસર નથી કાર્ય કરવાનો ॥
॥ સાત દિવસમાં સર્પ, દીઠો હોય તો કહ્યું સત્ય માનો ॥
॥ નિશાની ના મળતી તો, પ્રશ્ન ફળમાં ઉણપ હશે માનો ॥
॥ દલપત દીલ વિચારી, સર્પ ભકિતથી કાર્ય સિદ્ધ જાણો ॥

॥ ૧૬ ॥

॥ અહીં સૂર્યનાં દર્શન થયાં, કાંઇ રૂડી વધામણી આવશે ॥
॥ તપ તેજ વધે ધન લાભ મળે, કાંઇ પત્ર વિદેશથી આવશે ॥
॥ અશુભ-ચિંતા-શુભ થશે, શુકન અતિશય શુભ છે ॥
॥ કહું સત્ય ફાગણમાં ગરમી ગુમડાં, થયાં હશે તો માનજે ॥
॥ ફળ શ્રુતિ જો ના મળે એ સત્ય હરે તલભાર તે ॥
॥ દલપત કહે દીનેશ પૂજા, જાપ કરો નીરધાર છે ॥

॥ ૧૭ ॥

॥ અહીં પોપટનાં દર્શન થયાં ॥
॥ સહુ કાર્યની સિદ્ધી થશે ॥
॥ ધન દોલત ભૂમી લાભ વળી ॥
॥ દલપત કહે સુખ વૃદ્ધિ છે ॥

॥ ૧૮ ॥

॥ અહીં વૃષભનાં દરશન થયાં, એ શુકન મધ્યમ માનશો ॥
॥ એ સર્વ નીવડશે સુજશ મળશે, પોતે ચાતુરી પદ પામશો ॥
॥ માન મળે વળી રાજ્યમાં, વિદેશથી લાભ પામશો ॥
॥ એ કાર્ય કર્યા પછી ફળ મળે, નિશ્ચય ખરેખર જાણશો ॥
॥ સજ્જ થઇ શ્વેતાંબરે સ્ત્રી, સ્વપ્ન વિષે ભાળી હશે ॥
॥ દલપત દીલે વિચારનાં એ ફળ તણી સિદ્ધી થશે ॥

॥ ૧૯ ॥

॥ તીર્થે જતા રથ દર્શને ત્યાં, સકળ તમ યાત્રા થશે ॥
॥ જે કાર્યમાં પણ કાર્ય બીજું, તે પણ સિદ્ધ ખરે થશે ॥
॥ કાંઇ કષ્ટનાં દિવસો ગયા, હવે દીન રૂડેરા આવીઆ ॥
॥ ત્રણ માસ વીત્યે સહુ સુખ થશે, ચિંતા કરીશના પ્રાણીઆ ॥
॥ જોકાન વિષે તિલ ચિન્હ હશે તો, સત્ય ફળ માનો ખરે ॥
॥ દલપત દીસે વિચાર નાં એ, ફળ તણી સિદ્ધિ ખરે ॥

॥ ૨૦ ॥

॥ અહીં ગૌ તણાં દરશન થયાં, સ્ત્રી કાર્ય સિદ્ધિ લાભ છે ॥
॥ પણ કાર્ય પરવશ છે રહ્યું અંતે, ખરે સુ લાભ છે ॥
॥ તે દુશ્મનાવટ સાધતો દુશ્મન તમારો એક છે ॥
॥ તે ભળી જશે તમ પક્ષમાં, અંતેજ એનો ટેક છે ॥
॥ રજનીએ સ્વપ્માં મહી, જોયું હશે કાંઇ સૂત્રને ॥
॥ દલપત દીસે વિચારનાં, છે સત્ય ફળ તે સિદ્ધ એ ॥

॥ ૨૧ ॥

॥ અહીં મયુરનાં દર્શન થયાં, ચિંતા મટે એ જાણજો ॥
॥ એ કાર્યમાં જશ લાભ સુરાજ્યે, માન મળે એ માનજો ॥
॥ ભૂમી વા સ્ત્રી નામથી ધન, પ્રાપ્તિ ઝટ જલદી થશે ॥
॥ તને નાનપણેથી સ્ત્રીનાં નામે, કાર્યે સિદ્ધિ ખરે હશે ॥
॥ બાળ વયે જળ ભય ભાસ્યો તો, સત્ય વચન એ માનજે ॥
॥ દલપત દીસે વિચારનાં એ, ફળશ્રુતિ પ્રમાણજે ॥

॥ ૨૨ ॥

॥ સાંઢણીનાં દરશનથી, કાર્ય કર્યાથી દ્રવ્ય હાની નીપજે ॥
॥ ધીરજ મનમાં ધારો, દિવસ મધ્યમ તે, પ્રશ્ન મહીં ઉપજે ॥
॥ થોડા દિવસથી મનમાં, કલેશ ચિંતા વસી રહ્યાં છે જે ॥
॥ થોડા દિવસમાં મટશે, રત્ન–વસ્તુનો લાભ મળે રહેજે ॥
॥ હાલ ઉપાધી નાં કરશો, સુખ દુઃખ સરખાં ગણી જગે ફરજો ॥
॥ દલપત દીલ વિચારી, ગૃહપુજન ગૃહભકિત તમે કરજો ॥

॥ ૨૩ ॥

॥ થયાં રામાશ્વનાં દરશન, મનોરથ સિદ્ધ થાવાનો ॥
॥ કરો પ્રિતિ બધાં સાથે, જીવન ધન લાભ મળવાનો ॥
॥ તને સહુમાં વધુ ચિંતા, વધુ પુંજ ગૃહ વિષેની છે ॥
॥ કરી લે રામની ભક્તિ, પછી ચિંતા જવાની છે ॥
॥ હશે પુંજ ચર્ણમાં ગરમી, તણાં ગુમડાં હશે ચાંઠાં ॥
॥ કરો દલપત દીલે વિચાર, ખરે એ ફળ હશે સાચાં ॥

॥ ૨૪ ॥

॥ થયાં સિંહ કેસરી દરશંન, ધીમેથી કાર્ય સિદ્ધ થાશે ॥
॥ મટે ચિંતા મનોરથ સિદ્ધ, ભુમી યશ લાભ લેવાશે ॥
॥ હશે તુંજ ગુંજ વિભાગે, હશે તિલ્લ ચિંન્હ કે લાખું ॥
॥ કહે દલપત હશે તો તો, ખરે એ વાકય છે સાચું ॥

॥ ૨૫ ॥

॥ મસ્તક હીન ખવીશનાં, દર્શનથી દુર્ભાગ્ય મનાએ છે ॥
॥ એ કાર્યથી શત્રુભય હાની લાભ નથી એ શુકન જણાવે છે, ॥
॥ નાસીકા સ્વરવહે વામે, તો તો જાણો સર્વદા સાચું ॥
॥ દલપત દીલ વિચારી, ફળશ્રુતિ સિદ્ધ હશે ખરે સાચું ॥

॥ ૨૬ ॥

॥ અહીં ચંદ્ર દર્શન થાય છે, સહુ કાર્યની સિદ્ધી થશે ॥
॥ ભુમી લાભ લક્ષ્મિ સ્ત્રી તણી, ચિંતા અશુખ સહેજે ટળે ॥
॥ નીરબળ હશે જો તંન તમારૂં, સત્ય વચન તવ માનજો ॥
॥ દલપત દીસે વીચારનાં, એ ફળ શ્રુતિ પ્રમાણ જો ॥

॥ ૨૭ ॥

॥ હનુમાનજીનાં દર્શને એ, કાર્યની સિદ્ધી થશે ॥
॥ કંઇ માન મર્યાદા વધે શુભ, વસ્તુ રહેજે મળી જશે ॥
॥ જો તમ ચરણે ગુમડાં કે, ગરમીનાં ચાઠાં હશે ॥
॥ દલપત કહે તો સત્ય માનો, દૂર ચિંતા ભાંગશે ॥

॥ ૨૮ ॥

॥ લીલાં આમ્ર વૃક્ષ દર્શને એ, કાર્ય કરેથી લાભ છે ॥
॥ જે ધાર્યું છે તેં તે થશે, ચિંતા ટળે દુઃખ ભાંગશે ॥
॥ જો સ્વપ્નમાં રાત્રિ વિષે, માનવ ઘણાં જોયાં હશે ॥
॥ દલપત દીલે વિચારનાં, એ પ્રશ્ન ફળ સાચાં થશે ॥

॥ ૨૯ ॥

॥ સૂકાં ઝાડ દરશનથી, ભય, ચિંતા, દુઃખ કાર્ય વિષે થાશે ॥
॥ એ કાર્ય કદી કરશોનાં, સપ્ત દીને કોઇ સુવાવડી ભાસે ॥
॥ ચિન્હ મળે તો સાચું, પ્રશ્ન ફળ સિદ્ધ સર્વદા ત્યારે ॥
॥ દલપત દીલ વિચારે, ફળશ્રુતિ એ સત્ય હશે ત્યારે ॥

॥ ૩૦ ॥

॥ થયાં છે વરવધૂનાં લગ્ન, દરશન લાભકારી છે ॥
॥ થશે મંગળ ફળે ઇચ્છા, અતિશય હર્ષકારી છે ॥
॥ તમે દીન સાતમાં સંગીત, કે વાજીંત્ર સૂણ્યું છે ॥
॥ કહે દલપત મળે નિશાન, વચન તો સિદ્ધ સાચું છે ॥

॥ ૩૧ ॥

॥ થયાં મ્હાલક્ષ્મીનાં દરશંન, ખરે ધન ધાન્ય વૃદ્ધિ છે ॥
॥ તમે ધાર્યું હશે તે તે, સુયશ શોભાની સિદ્ધિ છે ॥
॥ સ્વરે જો નાસિકા સવ્યે, વહે તો સત્ય ફળ માનો ॥
॥ કહે દલપત્ શ્રી લક્ષ્મીનાં, યજનથી શ્રેષ્ઠ ફળ પામો ॥

॥ ૩૨ ॥

॥ ભૈરવ દરશન થાયે, અનીષ્ઠ સાથે ભય ઘણો ભાસે ॥
॥ કાર્ય કદી કરશોનાં, શુકંન નબળાં લોહી સુકાશે ॥
॥ સપ્ત દિવસમાં પોતે, રૂધીર નીહાળ્યું હશે ખરે તો તો ॥
॥ દલપત દીલ વિચારે, ફળશ્રુતિ સિદ્ધ સત્ય હશે એ તો ॥

॥ ૩૩ ॥

॥ શ્રવણુ દરશન થાયે, લાભ મળે સન્માન જગેજગમાં ॥
॥ હવે, કંઈક કલેશ મટયો છે, બાકી ચિંતા હવે તે મટવામાં ॥
॥ એ કામમાં બીજું કામ, તે પણુ સિદ્ધિ થશે ખરે જાણો ॥
॥ દલપતમ દીલ વિચારે, શુકન ઉત્તમ આજનાં માને ॥

॥ ૩૪ ॥

॥ અહીં દર્શન શ્રી ધર્મરાજનાં, સહુ કાર્ય સિદ્ધિ છે ॥
॥ તમોને ધર્મ પર શ્રદ્ધા, શુકન સહુ લાભકારી છે ॥
॥ તમારી છાતીએ જો તલ, હશે તો સત્ય ફળ માનો ॥
॥ કહે દલપત દીસે વિચારતાં, એ સિદ્ધ ફળ જાણો ॥

॥ ૩૫ ॥

॥ ગરૂડ દરશંન લાભકારી, ઇષ્ટ જનો આવી મળે ॥
॥ ધન ધાન્ય યશ વૃદ્ધિ થશે, શુભ સિદ્ધિને ચિંતા ટળે ॥
॥ તમ ચરણમાં ઘુમડાંનાં, ચાંઠાં છે નીહાળજો ॥
॥ દલપત દીસે વિચારનાં, એ સિદ્ધ ફળ છે જાણજો ॥

॥ ૩૬ ॥

॥ કાસદ દર્શન થાયે. કાર્ય કરો નહિ વિલંબ ભાસે છે ॥
॥ હાલ શુકન છે માઠાં. ફરી શુકનથી કાર્ય થશે સ્હેજે ॥
॥ સ્વભાવ તુંજ બ્રાહ્મણ છે, નીશાની એ જો સત્ય હશે તો તો ॥
॥ દલપત દીલ વિચારે. પ્રશ્ન ફળ સિદ્ધ સર્વદા એ તો ॥

॥ ૩૭ ॥

॥ કંન્યા તણાં દરશંનથી, રૂડી વધામણી આવશે ॥
॥ સ્ત્રી નામથી એ કામ છે, તે કાર્ય સિદ્ધ બની આવશે ॥
॥ તને શ્વેત વસ્તુ બહુ ગમે તો, ફળ કહ્યું એ માનજે ॥
॥ દલપત દીસે વિચારનાં, શુકંન ઉત્તમ જાણજે ॥

॥ ૩૮ ॥

॥ પોપટ પઢાવે રાજ સેવક, દર્શન એ શુભ માનજો ॥
॥ ભૂમી લાભ વિદ્યા માન સુરાજ્યે, કાર્ય સિદ્ધ સહુ જાણજો ॥
॥ બાંહ્યે હશે તિલ ચિન્હ તો એ, સત્ય સિદ્ધ પ્રમાણજો ॥
॥ દલપત દીસે વિચારનાં એ, શુકન ઉત્તમ માનજો ॥

॥ ૩૯ ॥

॥ રાક્ષસ દરશન થાયે, કાર્યે કરોનાં ભય ઘણો ભાસે ॥
॥ વિનાશ શત્રુ ભય છે, કષ્ઠ—પીડા—હાની વધુ થાશે ॥
॥ તમ તનમાં કદી કળતર, થાવું હશે તો સત્યવચન માનો ॥
॥ દલપત દીલ વિચારે, ધીરજ ધારો શુકન નથી જાણો ॥

॥ ૪૦ ॥

॥ થયાં દરશંન રાજાનાં, સહુમાં કાર્ય સિદ્ધી છે ॥
॥ તમે કો મિત્ર સંગાથે, ચહો મૈત્રીની સિદ્ધી છે ॥
॥ તમોને મિત્ર સુખ મળશે, ઘણાં થોડાં દિવસમાં તે ॥
॥ કહે દલપત ટળે ચિંતા, કહ્યું ફળ છે શુકનમાં તે ॥

॥ ૪૧ ॥

॥ મૂળ છેદન દરશનમાં, ભાંજગડીઓ એ કાર્ય મહીં ભાસે ॥
॥ તારો થઇ તે વરતો તેમ છતાં તું જથી જુદો ભાસે ॥
॥ અંતે તારો •જય છે, પાછો પડશે શત્રુ તુંજ ત્રાસે ॥
॥ દલપત કહે સહુ સિદ્ધી, પુત્ર આવ્યા સમાન સુખ થાશે ॥

॥ ૪૨ ॥

॥ થશે એ કુંભ દરશનથી, તુરતમાં કાર્યની સિદ્ધી ॥
॥ ટળે પુંજ જીવની ચિંતા, શુકન શુભ સુખની સિદ્ધી ॥
॥ મતિ ભમતી હશે કદી તો, શુકન એ શુભ સ્હમજીલે ॥
॥ કહે દલપત ખરે એ કાર્ય, અંતે લાભ સ્હમજીલે ॥

॥ ૪૩ ॥

॥ શિયાળ દરશન થાયે, ચિંતા ઉપજશે હાની ઘણી થાશે ॥
॥ હાલ ધીરજ મન ધારો, કાર્ય કર્યાથી લાભ નહિ થાશે ॥
॥ સંકલ્પવિકલ્પ મનમાં, થાયખરા તો સત્યશુકન માનો ॥
॥ દલપત દીલ વિચારે,પ્રશ્ન ફળસિદ્ધ સર્વદા જાણો ॥

॥ ૪૪ ॥

॥ અહીં ફૂલ ઝાડનાં દરશન, થયાં ફળ કાર્યે સિદ્ધી છે ॥
॥ બીજું પણ કામ ધાર્યું તેં, થશે શુકન સિદ્ધી છે ॥
॥ કદી તુંજ કેડ જો દુઃખતી, હશે તો સત્ય માની લે ॥
॥ કહે દલપત દીલે વિચારનાં, સુખ લાભ સ્હમજી લે ॥

॥ ૪૫ ॥

॥ બાણુનાં દરશન વિષે શુભ, લાભ ઘણેરા પામશે। ॥
॥ કાંઇ રૂડી વધાંમણી આવશે, ચિંતા મટે એ માનશો ॥
॥ હાલે તમે કાંઇ કલેશ થાતો, દીઠો હશે તો માનશો ॥
॥ દલપત દીસે વિચારનાં, એ કાર્યે સિદ્ધિ જાણજો ॥

॥ ૪૬ ॥

॥ રાજપુત દરશનથી, કાર્યે કરો નહિ ભય ઘણો ભાસે ॥
॥ ધીરજ ને શૂરતાથી, આગળ તમ એ કાર્ય સિદ્ધ થાશે ॥
॥ રજનીએ સ્વપ્નામાં, ભય કહી પણ દીઠો હશે જાણો ॥
॥ દલપત દીલ વિચારે, પ્રશ્ન ફળ એ સત્ય થશે માનો ॥

॥ ૪૭ ॥

॥ દરશંન સ્વસ્તીકના થયાં, એ કામમાં બહુ લાભ છે ॥
॥ હવે કષ્ઠનાં દિવસો ગયા, ચિંતા મટે સુખ વાધશે ॥
॥ કદી સ્વપ્નમાં શુભ વસ્તુ રહેજે, જો તમે ભાળી હશે ॥
॥ દલપત દીલે વિચારનાંએ ફળશ્રુતિ સાચી થશે ॥

॥ ૪૮ ॥

॥ દરશંન નારાયણુ તણું, શુભ લાભ સિદ્ધિ છે ખરે ॥
॥ એ કઠીન દિવસો વહી ગયા, રૂડા દિવસ આવ્યા ખરે ॥
॥ તમ શત્રુ બળહીન છે લલાટે, તિક્ષ હશે તો માનજો ॥
॥ દલપત દીલે વિચારનાં એ, સત્ય ફળ છે જાણુજો ॥

॥ ૪૯ ॥

॥ થયાં બ્રહ્મા તણાં દરશન, સુયશ વિદ્યાની સિદ્ધી છે ॥
॥ તેં ધાર્યું કામ કાંઇક એ, ખરે એ તું જને જ ભજે ॥
॥ તુરતમાં કાર્ય એ કરજે, સફળ તું જ કાર્ય સિદ્ધી છે ॥
॥ મળે કાંઇ રાજ્યમાં સન્માન, યજન કુળ દેવનું કરજે ॥
॥ ખરે તું કુળદેવોનું, યજન ભૂલી ગયો ભાસે ॥
॥ કહે દલપત નીશાનીએ, વચન ફળ સત્ય સિદ્ધ થાશે ॥

॥ ૫૦ ॥

॥ કુંઆડીનાં દરશનથી, લાભ નથી ભય—હાની વધુ થાશે ॥
॥ પાછળ વિણુ મહેનતથી, વિલંબે એ કાર્ય સીદ્ધ ભાસે ॥
॥ રજનીએ સ્વપ્નાંમાં, ભય કદી જો દીઠો હશે ભારે ॥
॥ દલપત દીલ વિચારે, ફળ શ્રુતિએ સિદ્ધ ખરે ત્યારે ॥

॥ ૫૧ ॥

॥ શંકર તણું દરશન, વિષે, ધનધાન્ય ફળ વૃદ્ધિ થશે ॥
॥ અમૃત અમીએ ઉદર ભરશે, કાર્ય ફળ સિદ્ધી થશે ॥
॥ અતીત કે દીન સાતમાં, તમ દૃષ્ટિએ દીઠા હશે ॥
॥ દલપત દીલે વિચારનાં, તે સત્ય તમ ચિંતાજશે ॥

॥ ૫૨ ॥

॥ થયાં વિધાત્રીના દરશંન, થશે સ્ત્રી લાભ ભૂમીનો ॥
॥ મટે ચિંતા મળે ભોજંન, મને મન માનતું મહીને ॥
॥ હશે પુંજ બાંધ્યમાં જો તલ્લ, ખરે તો સત્ય રહમજીલે ॥
॥ કહે દલપત દીલે વિચારનાં; ફળ સત્ય રહમજીલે ॥

॥ ૫૩ ॥

॥ થર્યાં અહીં બ્યાઘ્રનાં દરશંન, નીયત શુભ કાર્યં સિદ્ધી છે ॥
॥ ટળે ચિંતા મનોરથ સિદ્ધ, સ્વભાવે શૂર થઇ રહેજે ॥
॥ તને એ ત્રણ વરસથી દુઃખ, છે તો સત્ય માની લે ॥
॥ કહે દલપત દીસે વિચારનાં, ફળ સત્ય સ્હમજીસે ॥

॥ ૫૪ ॥

॥ થયાં વ્યાઘ્રેશ્વરી દરશંન, મનોરથ સિદ્ધ થાવાનાં ॥
॥ થશે ધનધાન્ય યશ વૃદ્ધિ, મળે કાંઇ માન રાજાનાં ॥
॥ ખરે તું'જ મ'ન વિષે કાંઇ પુત્ર, આવ્યા હર્ષ જેવો છે ॥
॥ કહે દલપત દીસે વિચારનાં, ફળ સત્ય એ તો છે ॥

॥ ૫૫ ॥

॥ સિપાઇનાં દરશંનથી, લાભ નથી ભય વિનાશ બહુ થાશે ॥
॥ હાલ ધીરજ મન ધારો, કાર્ય કરેથી અશુખ ઉપજાશે ॥
॥ વિકાર હશે કાંઇ ચરણે, ચિંન્હ જણાયે સત્ય શુકન માનો ॥
॥ દલપત દીલ વિચારે, પ્રશ્ન ફળ સિદ્ધ સર્વદા જાણો ॥

॥ ૫૬ ॥

॥ ગુરુ શ્રી દત્ત દર્શનથી, સકલ—યક્ષ—કાર્ય સિદ્ધિ છે ॥
॥ મટે ચિંતા વધે ધનધાન, ને સહુ સુખ વૃદ્ધિ છે ॥
॥ તમે દીન સાતમાં કોઇ સંતનાં, દરશન કર્યાં ભાસે ॥
॥ કહે દલપત મળે નિશાન, તો ફળ સિદ્ધ એ થાશે ॥

॥ ૫૭ ॥

॥ થયાં અહીં છત્રનાં દરશન, સુયશ ધન ધાન્ય વૃદ્ધી છે ॥
॥ બીજું પણ કામ કાંઇ ધાર્યું, થશે શત્રુ તણો ક્ષય ॥
। હશે તુંજ બાંહ્યમાં જો તલ, નિશાની સત્ય માની લે ॥
॥ કહે દલપત દીલે વિચારનાં, ફળ સત્ય સહમજીલેને ॥

॥ ૫૮ ॥

॥ વરૂણુ દેવનાં દર્શને, રૂડા દિવસ આવ્યા હવે ॥
॥ કંઇ અર્થ લાભ મળે વળી, સહુ સુખ થશે ચિંતા મટે ॥
॥ જોઇ લ્યો તમ ઉદર ઉપર, ચિન્હ તિલ ભાસે ખરે ॥
॥ દલપત દીસે વિચારનાં, તો પ્રશ્ન ફળ સિદ્ધિ ખરે ॥

॥ ૫૯ ॥

॥ ઋષી નારદ તણું દરશન, થી એ કામ પરવશ છે ॥
॥ વધે લક્ષ્મી મળે સહુ લાભ, મનેપ્સિત લાભ જગજશ છે ॥
॥ તમે કાલે કદી કાંઇ ક્લેશ થાતાં, જો દીઠો ભાસે ॥
॥ કહે દલપત દીલે વિચારનાં, ફળ સત્ય તો થાશે ॥

॥ ૬૦ ॥

॥ થયાં દર્પણ તણા દરશંન, સકળ તું જ કાર્ય સિદ્ધી ॥
॥ બીજું ધાર્યું હશે તેં તે, થશે સહુ સુખ વૃદ્ધિ છે ॥
॥ ખરે તુંજને જો વાંસામાં, નિશાની તિલ્લની ભાસે ॥
॥ કહે દલપત દીસે વિચારનાં, ફળ સત્ય તો થાશે ॥

॥ ૬૧ ॥

॥ અતીતનાં દરશંન થયાં, ધારો ધીરજ સારૂં થશે ॥
॥ કાંઇ પ્રથમ બાજી બગડશે, પણ પાછળ લાભ મળી જશે ॥
॥ કદી જો તમારાં તંન વિષે, કાંઇ ગરમીનાં ચાઠાં હશે ॥
॥ દલપત કહે નીશાન ફળ એ, સિદ્ધ સહુ સાચાં થશે ॥

॥ ૬૨ ॥

॥ એક ચોરને શત્રુ હણ્યું, એ દર્શન શુભ છે માનજો ॥
॥ એ કાર્ય સિદ્ધ થાશે ખરે પણ, સિદ્ધ વિલંબે જાણજો ॥
॥ એ જોઇ ધ્યો નાભી વિષે તિલ્લ, ચિન્હ છે તો જાણજો ॥
॥ દલપત કહે નિશાન એથી, સત્ય શુકન છે માનજો ॥

॥ ૬૩ ॥

॥ દરશંન દેવી શારદાનાં, સર્વ સુખ યશ વાધશે ॥
॥ છે કાર્ય સ્ત્રીનાં નામનું, ચિંતા ટળે–ઇચ્છીત થશે ॥
॥ જો કદી તિલ્લ ચિન્હ હૃદયે, સત્ય ફળ માનો ખરે ॥
॥ દલપત દીસે વિચારનાં શુભ, પ્રશ્ન ફળ જાણો ખરે ॥

॥ ૬૪ ॥

॥ અહીં બ્રહ્મનાં દરશન થયાં, કરો કાર્ય સૌ સિદ્ધ થશે ॥
॥ વિદ્યા મળે ભૂમી લાભ ન્યારાં, સકળ સુખ યશ વાધશે ॥
॥ નિશાનીમાં જો તિલક માથે, કે લલાટે હશે ખરે ॥
॥ દલપત કહે વિચારના તો, વચન ફળ સાચું ઠરે ॥

॥ ૬૫ ॥

॥ ઉંદર દરશન થાયે, વિઘ્નકારક કોઇ શત્રુ પુંજ ભાસે ॥
॥ પ્રથમ સંકલ્પ-વિકલ્પે, માસ પછી ફળ સિદ્ધિ સહુથાશે ॥
॥ ગરમી છે પુંજ તનમાં, નિશાની એ સહુ સત્ય શુભથાશે ॥
॥ દલપત દીલ વિચારી, કરો પરાક્રમ સર્વ સિદ્ધ ભાસે ॥

॥ ૬૬ ॥

॥ વાયસ દરશન થાયે, ધીરજ ધારો વિઘ્ન બહુ ભાસે ॥
॥ ચિંતા ઉપજશે ભારી, વિલંબે સહુ કાર્ય સિદ્ધ થાશે ॥
॥ ચિન્હ હશે તિલ્લ વાંસે, નિશાનીએ સહુ સત્ય સમજાશે ॥
॥ દલપત દાંલ વિચારી, ફરી શુકનમાં શુભ ફળ કહેવાશે ॥

॥ ૬૭ ॥

॥ દરશાંન દ્વારીકેશનાં, ધંન કીર્તિ યશ વધશે ખરે ॥
॥ છે શત્રુ તે તો નાશ પામે, ફીકર દીલ મટશે ખરે ॥
॥ કદી રજનીએ સ્ત્રી શ્વેત વસ્ત્રે, જો તમે ભાળી હશે ॥
॥ દલપત શુકન તે સત્ય માનો, વચન ફળ સાચું થશે ॥

॥ ૬૮ ॥

॥ ગોવર્ધનધારીનાં દરશનથી, સહુ કાર્ય સિદ્ધિ છે ॥
॥ અખંડ આનંદ મળે ન્યારો, હવે સૌ સુખ વૃદ્ધિ છે ॥
॥ તમારૂં દીલ્લ ભક્તિમાં, હશે તો સત્ય સૌ એ તો ॥
॥ કહે દલપત દીલે વિચારના, ફળ સત્ય સિદ્ધ જાણો ॥

॥ ૬૯ ॥

॥ ઘુવડના દરશંનથી, કાર્ય કરોનાં વિઘ્ન વધુ ભાસે ॥
॥ શત્રુ ઝૂઝે તમ શીર પર, વિચારી લ્યો ભય દુઃખબહુ થાશે ॥
॥ સમ દિવસમાં દરશન, રૂધીરનાં જો થયાં હશે તો તો ॥
॥ દલપત દીસ વિચારી, નિશાની એ ફળ સત્ય થશે માનો ॥

॥ ૭૦ ॥

॥ કલ્પ વૃક્ષનાં દરશણ, આજે અહીંઆ ઉત્તમ આવ્યાં છે ॥
॥સર્વઅર્થની અતૂલ સિદ્ધિ. મન વાંચ્છીત ફળ કહાવ્યાં છે ॥
॥ પૂત્ર જન્મ સમ ઉત્સવ ઉત્તમ વૈભવનાં દીન પાસે છે ॥
॥ દલપતરામ ત્રિવેદી, કહે છે દીલનાં દુઃખડાં નાંસે છે ॥

સમાપ્ત